ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લામાં ચાલુ વર્ષે ૯૦ વર્ગખંડો નવા બનાવાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં ચાલુ વર્ષ દરમ્યાન ૯૦ જેટલા વર્ગખંડો બનાવવાનો લક્ષ્યાંક છે તેમ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ શિક્ષણ સમિતિમાં સભ્યોને વિગતો આપતાં જણાવ્યુ હતુ. જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિની બેઠક આજે ચેરમેન કીર્તિબેન પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી.

આ બેઠકમાં જિલ્લાની જર્જરિત શાળાઓના મકાન ઉતારી લેવા માટેના મુદ્દા પરની ચર્ચામાં જે આવા સંકુલો છે તેની તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી મુલાકાત લઈ અને પોતાનો અહેવાલ આપે તેવો નિર્ણય કરાયો હતો.

આ બેઠકમાં ૧૮ જેટલી શાળાઓના સંકુલ જર્જરિત બન્યા હોઈ તાત્કાલિક તેમને ઉતારવાની દિશામાં કામગીરી કરવી જોઈએ તેવી સભ્યોએ તીવ્ર લાગણી વ્યક્ત કરી હતી. આ બેઠકમાં ચાંદખેડા પગાર કેન્દ્રની લક્ષ્મીનગર શાળાનું ભાડુ ચુકવવાનો મુદ્દો પણ ચર્ચામાં હતો. જે ભાડુ ચુકવણી કરી અને સંકુલ ચાલુ રહે તેવો આગ્રહ સભ્યોએ કર્યો હતો.

આ બેઠકમાં શિક્ષણ સમિતિને ફાળવવામાં આવેલ બજેટમાંથી કરવાના થતા કામોમાં ગતિ લાવવા તેમજ આગામી વર્ષ માટે પણ ચાલુ વર્ષ જેટલુ જ બજેટ ફળવાય તે રીતે દરખાસ્ત તૈયાર કરવા જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીને સત્તા આપવામાં આવી છે.

# શહેરના શૌચાલયો બંધ હાલતમાં અથવા પાણીના સપ્લાય વિનાના સ્વચ્છતા વિહોણા

## મેયર-ડે. મેયરના રાઉન્ડમાં બહાર આવેલી ચોંકાવનારી વિગતો

ગાંધીનગર શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા સુલભ શૌચાલયો કાં તો બંધ હાલતમાં



અને ત્યાં પાણી પુરવઠો શુન્ય જણાતાં મેયર પ્રવિણ પટેલ અને ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડાએ તાકીદે યોગ્ય કાર્યવાહી કરવા કમિશનરને સુચવ્યુ છે.

મેયર પ્રવિણ પટેલ તથા ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડાએ આજે સવારે સે. ૨૧, ૨૦, ૩૦, ૨૯ના વિસ્તારમાં આવેલા શૌચાલયોની મુલાકાત લીધી ત્યારે આ ચોંકાવનારૂ ચિત્ર બહાર આવ્યુ હતુ.

આ રાઉન્ડ દરમ્યાન ચરેડી નજીકનો કચરાપેટી જે કચરાથી ભરાઈ ગઈ હતી તે ખાલી ન કરાતાં તેમાં આગ લગાડી બાળી મુકવાનો પ્રયાસ થયેલો જણાતાં આ બન્ને આગેવાનો ચોંકી ઉઠ્યા હતા.

આગામી મહિને સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૧૯ના આયોજનમાં તંત્ર વ્યસ્ત બન્યુ છે પરંતુ નગરમાં ઠેર ઠેર ગંદકીના થર જે રીતે જામી રહ્યા છે તેનો પણ તસ્વીરી અહેવાલ આ બે આગેવાનોએ કમિશનરને મોકલ્યો હોવાનું જાણવા મળેલ છે.

ખાસ કરીને અક્ષરધામ અને તેની આસપાસના વિસ્તારોમાં જે રીતે ગંદકી જોવા મળી રહી છે તે અસહ્ય બનતી જાય છે. અક્ષરધામમાં નિયમિત રીતે હજ્જારો દર્શનાર્થીઓ આવતા હોય છે અને પાટનગરની ખરાબ છાપ લઈ આ પ્રવાસીઓ પરત જાય છે.

મેયર-ડે. મેયરના આ રાઉન્ડ દરમ્યાન વિવિધ સેક્ટરોના શૌચાલયોમાં તાળાબંધી જોવા મળી હતી તેમજ જે ખુલ્લા હતા તેમાં સ્વચ્છતાના નામે મીંડુ હતુ એટલુ જ




નહિ પાણીનો સપ્લાય પણ ન હતો.

ગાંધીનગર મહાનગર પાલિકાને સફાઈની એક માત્ર સેવા સરકારે અત્યારે આવી છે અને તેમાંય સતત તંત્ર ઉણુ ઉતરી રહ્યુ છે. ઓપન ડેફીનેશન ફ્રી જાહેર કરાયેલ પાટનગરમાં જ શૌચાલયોની તાળાબંધી જોયા પછી સ્વચ્છતા મિશન અભિયાનના કેવા લીરા ઉડી રહ્યા છે તે આજે સામે આવ્યુ છે.

# ગ્રામ-કોમ્પ્યુટર સાહસિક હવે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ આપશે

## નબળી કામગીરીને સબળી બનાવવા સરકારનો નિર્ણય : કોમ્પ્યુટર સાહસિક રૂ. ૧૨માં આવુ ગોલ્ડન કાર્ડ આપશે અને ૨ રૂ. મહેનતાણુ મેળવશે

ગાંધીનગર, તા. ૧૮

ગ્રામ કોમ્પ્યુટર સાહસિક દ્વારા પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનાના કાર્ડ હવે ઈસ્યુ કરવામાં આવશે તેવો મહત્વનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

ગ્રામ પંચાયતોની કામગીરને ઈન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી અદ્યતન સુવ્યવસ્થિત, સરળ અને ઝડપી બનાવવા માટે ૨૦૦૭-૦૮થી ઈ.ગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. આ ગ્રામ-કોમ્પ્યુટર સાહસિક પાસેથી ૮થી વધુ સેવાઓ ગ્રામ્યસ્તરે ઉપલબ્ધ બની રહી છે. ત્યારે વડાપ્રધાનશ્રીની અતિ મહત્વાકાંક્ષી યોજના પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના લાભાર્થીઓને આપવાના થતા કાર્ડ આપવાની સત્તા પણ આ સાહસિકોને આપવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં કાર્ડ આપવાની ધીમી કામગીરી અંગે ભારત સરકારે નોંધ લઈ અને રાજ્ય સરકારને જણાવ્યુ હતુ. આ પછી હરકતમાં આવેલી સરકારે પણ જિલ્લાઓને આ કામગીરીમાં ગતિ લાવવા માટેના આદેશો આપ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં નવ હજાર જેટલા લોકોને આવા કાર્ડ આપવામાં આવ્યા છે. સામાજિક-આર્થિક પછાત વસ્તી ગણતરી-૨૦૧૧ પ્રમાણે આ યાદીમાં નામ ધરાવતા લોકોને આવા કાર્ડ આપવાના થાય છે. જિલ્લામાં ૫૦ હજારથી વધુ લોકોને આવા કાર્ડ આપવાના છે.

જિલ્લા આરોગ્યતંત્રએ આ માટે અલાયદો રોડમેપ તૈયાર પણ કર્યો છે જો કે આ યાદીમાં ઘણા બધા ગામના ઘણા બધા પરિવારો રહી ગયાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જો કે આ બાબતે સરકારનું ધ્યાન પણ અલગથી દોરવાનો તંત્રએ વિચાર્યુ છે અને લક્ષ્યાંક પ્રાપ્તી માટે હવે આગળ વધવાનો નિર્ણય કરેલ છે.

મળતી વિગતો પ્રમાણે રૂ. ૧૨માં આ કાર્ડ ગ્રામ્ય-કોમ્પ્યુટર સાહસિક લેમિનેશન કરી અને આવશે અને તે પેટે તેને રૂ. ૨નું મહેનતાણુ મળશે તેવો નિર્ણય હાલ સરકારે કર્યો છે. આ માટે આ સાહસિકોને તાલિમ પણ આરોગ્યતંત્ર દ્વારા આપવામાં આવશે. આવા કાર્ડની સંપૂર્ણ જવાબદારી જે તે ગ્રામ પંચાયતની રહેશે. સરકારના આ નિર્ણય પછી હવે આરોગ્યતંત્ર આ સાહસિકોને તાલિમ આપવાના આયોજનની તૈયારીમાં વ્યસ્ત થયાનું જાણવા મળેલ છે.

# ૬.૨૨ લાખ ગ્રાહકના વીજળી બિલના ૬૨૫ કરોડ માફ થયા

## કોંગ્રેસે ભાજપનું નાટક ગણાવ્યું : આચારસંહિતનો ભંગ થયો છે કે કેમ તેને લઇને અંતે ચૂંટણી પંચની તપાસ શરૂ

ગાંધીનગર,તા.૧૮

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના દેવાં માફી અંગે તો કોઈ વિચારણા કરવામાં આવી નથી.પરંતુ જસદણ પેટાચૂંટણીના જાહેર પ્રચારનાં અંત પહેલાં ૬.૨૨ લાખ વીજ ગ્રાહકોના બાકી નીકળતા રૂપિયા ૬૨૫ કરોડ માફ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. એક વખતની સંપૂર્ણ માફી યોજના અંતર્ગત રાજ્ય સરકારે ઘર વપરાશ, કોમર્શિયલ તેમજ ખેતીવાડી વીજ જોડાણોમાં રૂપિયા ૫૦૦ ભરવાથી બાકી રકમ અને વ્યાજમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. આ યોજનાનો અમલ ૧૯-૧૨-૨૦૧૮થી ૨૮-૨-૨૦૧૯ સુધી એટલે કે બે માસ સુધી ચાલુ રહેશે. જસદણની પેટા ચૂંટણી પહેલાં ભાજપ સરકારની આ જાહેરાતને વિપક્ષ કોંગ્રેસે માત્ર દેખાડો અને નાટક ગણાવ્યું છે, તો બીજીબાજુ, ચૂંટણી પંચ દ્વારા કોંગ્રેસનું શાસન ધરાવતી અન્ય રાજ્ય સરકારોની જેમ ગુજરાત સરકારે ખેડૂતોના દેવાં માફીની જાહેરાત કરી નથી. પરંતુ જસદણ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં મતદાન પહેલા વીજ ગ્રાહકોની બાકી રકમ તેમજ વ્યાજ માફી કરવાની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યના ઉર્જા મંત્રી સૌરભ પટેલે

● અનુસંધાન પાના - ૭ પર

# ગ અને ગ-૧ પ્રકારના આવાસોના રીનોવેશન માટે છ કરોડ ખર્ચાશે

ગાંધીનગર તા ૧૮

શહેરમાં ગ અને ગ-૧ પ્રકારના મકાનોને મજબુતીકરણ હેઠળ આવરી લેવાશે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસોનુ તબક્કાવાર રીનોવેશન કરવામાં આવે છે.જયારે આ આવાસો પૈકી જી અને જી -૧ પ્રકારના આવાસોનુ પણ હવે નવિનીકરણ કરાશે. જયારે સેકટરોમાં સ્થિત અંદાજિત ૫૦ જેટલા મકાનોના રીનોવેશન પાછળ અંદાજિત ૬ કરોડનો ખર્ચ કરાશે.

શહેરમાં સરકારી આવાસોના મામલે સ્થાનિક રહીશોમાં પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે. સરકાર દ્વારા તબક્કાવાર નવા મકાનો બાંધવા માટે કાર્યયોજના પણ તૈયાર કરવામાં આવી રહી છે. સે-૭, સે-૨૯ અને સે-૩૦ માં નવી ટાવર કોલોનીનુ નિર્માણ પણ કરવામાં આવ્યુ છે. પરંતુ હજુ પણ નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. આગામી દિવસોમાં નવા બી અને સી કક્ષાના નવા મકાનો બાંધવા માટે કામગીરી શરૂ કરી દેવાશે. બીજીતરફ સેકટરોમાં સ્થિત ભયજનક આવાસોને પણ તોડવામાં આવી રહ્યા છે. સેકટરોમાં જોખમી આવાસો તોડવા માટે તબક્કાવાર મંજુરી મેળવી કામ આગળ વધારવામાં આવી રહ્યુ છે. બીજીતરફ જે આવાસો મજબુતીકરણ હેઠળ આવરી લેવાય હોય તેવા મકાનોના રીનોવેશનનુ કામ પણ હાથ ધરાયુ છે. એકબાજુ ભયજનક આવાસો ખાલી કરાવવા માટે કામગીરી ચાલી રહી છે. બીજીતરફ નવા આવાસો બાંધવા માટે પણ કામ હાથ ધરવા તૈયારી કરી દેવામાં આવી છે. વધુમાં સેકટરોમાં સ્થિત સરકારી આવાસોના મજબુતીકરણ માટે પણ કામગીરી ચાલી રહી છે. શહેરમાં ગ પ્રકારના આવાસોને અનુલક્ષી ટુંકમાં જ રીનોવેશનની કામગીરી હાથ ધરાશે. જેમાં સે-૨૩ સે-૧૭, સે-૨૧ અને સે-૯ માં સ્થિત જી અને જી વન કક્ષાના મકાનોને આવરી લેવાશે. આ અન્વયે અંદાજિત ૫૦ જેટલા મકાનોનુ રીનોવેશન કરાશે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૬ કરોડનો ખર્ચ કરાશે.

# અડાલજ ચાર રસ્તા પાસે પંચતત્વની થીમ આધારિત વિકસિત સર્કલનુ આજે લોકાર્પણ

## અડાલજમાં પંચતત્વ આધારિત વિશ્વનુ પ્રથમ અન્નપુર્ણા મંદિર બનશે : પ્રોજેક્ટ પાછળ અંદાજિત ૨૫ કરોડ ખર્ચાશે : લેઉવા પાટીદાર સમાજના કુળદેવીનુ આ પ્રકારનુ પ્રથમ મંદિર બનશે : વિદ્યાર્થીઓ માટે તાલીમ સેન્ટર,લાઇબ્રેરી તેમજ છાત્રાલય પણ બનશે

ગાંધીનગર તા ૧૮

અડાલજમાં અન્નપુર્ણા માતાના મંદિરના નિર્માણનુ કામ ચાલી રહ્યુ છે. લેઉવા પાટીદાર સમાજના કુળદેવી અન્નપુર્ણા માતાના મંદિરના નિર્માણની સાથે અડાલજ ચાર રસ્તા પાસે અન્નપુર્ણા સર્કલને પણ વિકસાવાયુ છે. આજે અન્નપુર્ણા મંદિર સામે સ્વામિનારાયણ ફાર્મમાં મંદિર તેમજ છાત્રભવનના ખાતમુહુર્તનો કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ, ભાજપ પ્રદેશના કોષાધ્યક્ષ સુરેન્દ્રભાઇ પટેલ, અન્નપુર્ણા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી બિપીન પટેલ, પ્રમુખ નરહરિ પ્રતિષ્ઠા મહોત્સવ આગામી ફેબ્રુઆરી મહીનામાં યોજાશે. . પૃથ્વી , વાયુ, જળ, આકાશ અને અગ્નિ તેમ પંચતત્વ આધારિત આ મંદિરને અનુલક્ષીને અડાલજ ચાર રસ્તા પાસે સ્થિત સર્કલને પણ પંચતત્વ આધારિત થીમ પર વિકસાવાયુ છે. અન્નપુર્ણા સર્કલ




આ સર્કલનુ લોકાર્પણ કરવામાં આવશે. પંચતત્વની થીમ પર આધારિત આ સર્કલના લોકાર્પણ સાથે છાત્રાલય તેમજ તાલીમ કેન્દ્ર અને લાઈબ્રેરીના કામનુ પણ ખાતમુહુર્ત કરવામાં આવશે. પંચતત્વ પર આધારિત આ સર્કલમાં વચાળે માતાજીની મુર્તિ તેમજ આસપાસ પાંચ સ્તંભનુ નિર્માણ કરાયુ છે.

અડાલજ સ્થિત અન્નપુર્ણાધામ સર્કલનું આજે લોકાર્પણ કરાશે આ ઉપરાંત અમીન તેમજ ચેરમેન રવજીભાઇ વસાણી સહીત સમાજના આગેવાનો અને ભાવિકો હાજરી આપશે. અન્નપુર્ણા ટ્રસ્ટના ઉરેન પટેલે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે અડાલજમાં વિશ્વનુ પ્રથમ પંચતત્વ આધારિત અન્નપુર્ણાનુ મંદિરનુ કામ હાથ ધરાયુ છે. પાટીદાર લેઉવા સમાજના કુળદેવી અન્નપુર્ણા માતાના વિશિષ્ટ મંદિરનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે.વિશ્વના પ્રથમ આ પ્રકારના મંદિરનો પ્રાણ નામાભિધાન સાથે આ સર્કલ વિકાસનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જેમાં સર્કલ વચાળે પાંચ સ્થંભનુ

● અનુસંધાન પાના - ૭ પર

# જસદણમાં પ્રચાર પડઘમ શાંત

રાજકોટ,તા.૧૮

આગામી ૨૦ મી ડિસેમ્બરે ગુજરાત વિધાનસભાની જસદણ બેઠક માટે મતદાન થવાનું છે. મંગળવાર સાંજે પ્રચાર પડઘમ શાંત પડ્યા. ત્યારે ભાજપ અને કોંગ્રેસ દ્વારા અત્યારે જોર શોરથી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આ પેટા ચૂંટણીમાં જીત મેળવવા માટે કોંગ્રેસે એડીચોટીનું જોર લગાવી દીધું છે. કારણ કે જસદણની પેટા ચૂંટણી કોંગ્રેસ અને ભાજપ બંન્ને માટે પ્રતિષ્ઠાનો જંગ છે.

જસદણ બેઠક વિશે વાત કરીએ તો આ બેઠક પર વર્ષ ૨૦૧૭માં કોંગ્રેસમાંથી ચૂંટાયેલા ધારાસભ્ય કુંવરજી બાવળિયા કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ ગયા છે અને એટલે આ ચૂંટણી યોજાઈ રહી છે. બાવળિયાએ રાજીનામું આપતાની સાથે જ ભાજપે કુંવરજી બાવળીયાને પ્રધાન પદ આપ્યું હતું.

તો આ સાથે જ સામે પક્ષે કોંગ્રેસમાંથી કુંવરજીનાં ચેલા અવસર નાકિયાને ઉમેદવાર બનાવ્યા છે. નાકિયા રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ ઉપ પ્રમુખ પણ હતા. મહત્વનું છે કે આ બેઠક પર એક લાખ ૨૧ હજાર વધુ પુરુષ ઉમેદવાર અને એક લાખ નવ હજારથી

### ભાજપની મહારેલીમાં અવસર નાકિયા અટવાયા, કાર્યકરો સાથે થઇ ચડભડ

વધુ મહિલા મતદારો છે. ત્યારે આ ચૂંટણી ખૂબ મહત્વપૂર્ણ બની રહેવાની છે.

ભાજપની મહિલા કાર્યકરો સાથે અંજલીબેન ઘરે ઘરે જઈને ભાજપને મત આપવાની અપીલ કરી.



૨૦મી ડિસેમ્બરે મતદાન થવાનું હોવાથી મંગળવારે સાંજે પાંચ વાગ્યા સુધી જ પ્રચાર કરી શકાય ત્યારબાદ જાહેરસભા કે રેલી કરી શકાતી નથી. જેને ધ્યાનમાં રાખીને સવારે જસદણમાંથી વિશાળ રેલી કાઢી હતી. જેમાં ભાજપના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

જસદણની પેટાચૂંટણીનો ગરમાવો એટલો બધો છે કે કોંગ્રેસ અને ભાજપનાં પ્રદેશ પ્રભારીઓને ગુજરાતમાં આવવું પડ્યું છે. ભાજપ કોંગ્રેસનાં નાનમાં નાના નેતાઓ જસદણમાં ફરી રહ્યાં છે. ભાજપ કોંગ્રેસનાં ૮૦ ધારાસભ્યો જસદણમાં ધામા નાખીને બેઠા છે. માત્ર જસદણમાં જ નહીં આસપાસનાં ગામડાઓમાં કાર્યકરોનાં ઘરે ભાજપ કોંગ્રેસનાં નેતાઓ ધારાસભ્યો , હોદ્દેદારો રાજકીય મહેમાન બન્યા છે. ઘણાં હોટલોમાં રહ્યાં છે તો ઘણાં ઘર ભાડે રાખીને રહ્યાં છે.

ભાજપની આ મહારેલીમાં કોંગ્રેસના ઉમેદવાર અવસર નાકિયા અટવાઈ ગયા હતાં. રેલીમાં ફરી રહેલા ભાજપના કાર્યકરોએ તેમને રોક્યા અને ભાજપને મત આપવા કહ્યું હતું. એક તબક્કે તો અવસર નાકિયા અને ભાજપના કાર્યકરો વચ્ચે થોડી ચડભડ પણ થઈ હતી. જો કે ત્યારબાદ નાકિયા ત્યાંથી રવાના થઈ ગયા હતાં.

ભાજપની આ પ્રચાર રેલીની શરૂઆત વીંછિયાથી થઈ અને જે જસદણ સુધી રહી. રેલીમાં ભાજપના દિગ્ગજ નેતાઓ જોડાયા હતાં. જેમાં ભીખુભાઈ દલસાણીયા, મોહન કુંડારીયા, કાંતી અમૃતીયા, પુનમ મકવાણા પણ જોડાયા હતાં. અંજલી બેન રૂપાણી સંહિતાના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતાં.

ગાંધીનગર માટે
LED TV રીપેરીંગ માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડીયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## બેસણું



મારા પતિ **હીરજીભાઈ નરસંગલાલ જોષી** તા. ૧૭-૧૨-૨૦૧૮ને સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદ્‌ગતનું **બેસણું તા. ૨૦-૧૨-૨૦૧૮ને ગુરુવારના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦** કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવા ટ્રસ્ટ શ્રી ઉમિયા માતાજી મંદિરની પાછળ, વિશ્વકર્મા મંદિરની સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર**

ગં.સ્વ. હેમલતાબેન હીરજીભાઈ જોષી

ડો. સુભાષ હીરજીભાઈ જોષી (કલોલ) | રાજેન્દ્ર હીરજીભાઈ જોષી
જીતેન હીરજીભાઈ જોષી | રોહિત હીરજીભાઈ જોષી
અ.સૌ. માલાબેન કિલ્લોભાઈ દવે (પુત્રી) | અશોક હરિદાસ જોષી (ભત્રીજો)
કિલ્લોભાઈ કિશોરભાઈ દવે (જમાઈ)

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com